Extra No. 215

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**ના તારીખઃ **૧૪મી મે, ૨૦૨૫**ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ **કેપી/૨૦૨૫નો ૨૩/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૦૫૫/સેક્શન-જ.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૨૩/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઇલ/૧૪/૨૦૨૫/૧૦૫૫/સેક્શન-જ:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો ૧૩-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૩૯/પી સેકશન, કેવી/૨૦૨૫નો ૧૪-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૩૯/પી સેકશન અને કેવી/ ૨૦૨૫નો ૧૫-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૩૯/પી સેકશન-થી, આણંદ જિલ્લાના મોગરી, જિટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતને "મોટા શહેરી વિસ્તાર" તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને આણંદ શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશન રચના કરી છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "મોટા શહેરી વિસ્તાર" હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, આણંદના સંબંધિત મતદાર મંડળો (મત વિસ્તારો) માં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેના મતદાર મંડળોનો સદરહુ શહેરી વિસ્તારમાં સંપૂર્ણપણે સમાવેશ થાય છે તેવા તાલુકા પંચાયત, આણંદના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિના કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, તેઓ તાલુકા પંચાયત, આણંદના પ્રતિનિધિ હોવાનું બંધ થતાં, તાલુકા પંચાયત, આણંદના સભ્યો તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિના કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, મતદાર મંડળોનું પ્રતિનિધિત્વ કરતા, તાલુકા પંચાયત, આણંદના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનું નક્કી કર્યું છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન તાલુકા પંચાયત, આણંદના સભ્યોની સંખ્યા, વચગાળાના પગલા તરીકે ૩૪ થી ઘટાડીને ૩૧ કરે છે;

૨. આ સાથે જોડેલી અનુસૂચિના તાલુકા પંચાયત, આણંદના વિસ્તારોની અંદર આવતા, કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા મતદાર મંડળો (મતવિસ્તારો)નું પ્રતિનિધિત્વ દર્શાવતા, સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરી છે તે તાલુકા પંચાયત, આણંદના, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલી તાલુકા પંચાયત, આણંદના સભ્યોના હોદ્દાની સમાપ્તિ કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદાર મંડળો (મત વિસ્તારો) ના નામ અને નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	આણંદ	આણંદ	૬-ગામડી-૧	કિરણભાઈ જીણાભાઈ વસાવા
૨	આણંદ	આણંદ	૭-ગામડી-૨	રોહિતકુમાર કુંદનસિંહ વાઘેલા
૩	આણંદ	આણંદ	૧૭-મોગરી	કલ્પેશભાઈ કાન્તિભાઈ પટેલ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દર્શન દેસાઈ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:02:37 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar